# મૂર્તિ

સર્વ સાધનનું ફળ


નવેમ્બર- ૨૦૨૫

વર્ષ : ૨૨ અંક : ૧૧

વાર્ષિક :₹૫૦/-


॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

## અનાદિ મહામુક્તરાજશ્રી અબજીબાપા સ્મૃતિ શતાબ્દી

100 સંવત ૧૯૮૪-૨૦૮૪ વર્ષ-2028

સંવત ૨૦૮૪ વૈશાખ સુદ ૭ થી વૈશાખ સુદ ૧૫

તા.૧-૫-૨૮ સોમવાર થી ૮-૫-૨૦૨૮ સોમવાર

શ્રી અબજીબાપાની છતેડી

• બળદિયા, ભુજ-કચ્છ •



નૂતન વર્ષ સં. ૨૦૮૨ અન્નકુટ



જ્ઞાન-ધ્યાન-ઉપાસના શીબીર



બાપાશ્રી પ્રાગટ્યોત્સવ - લંડન

## શરદોત્સવ - છતેડીધામ



યજમાન :- મૂ.નિ. શ્રી હરજીભાઈ ખીમજીભાઈ કાંકરવારા - બળદિયા







## અન્નકૂટોત્સવ



RNI No.: GUJGUJ/2004/52455



# મૂર્તિ




નવેમ્બર : ૨૦૨૫

વર્ષ : ૨૨

અંક : ૧૧

**દિવ્ય પ્રેરણા**

પ.પૂ. અ.મુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી



**તંત્રી**

શ્રી કલ્યાણ નારાણ વેકરીયા

**પ્રકાશક**

**શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર**

બળદિયા-ભુજ (કચ્છ)

મોબાઈલ : ૯૦૯૯૦ ૪૯૨૮૨
૯૦૯૯૦ ૪૯૨૮૪

E-mail : abjibapachhatedi@gmail.com
Website : www.abjibapanichhatedi.org

**લવાજમ**

| | |
|---|---|
| વાર્ષિક | : રૂા. ૫૦/- |
| પંચ વાર્ષિક | : રૂા. ૨૦૦/- |
| ૨૦ વાર્ષિક | : રૂા. ૫૦૦/- |
| વિદેશમાં ૨૦ વાર્ષિક | : રૂા. ૪૦૦૦/- |

**પ્રકાશન તારીખ**

દર માસની ૧૧ તારીખે

**પ્રિન્ટીંગ**

સ્વસ્તિક પ્રિન્ટર્સ-ભુજ
બેઝમેન્ટ, પિંડોરીયા ચેમ્બર્સ,
ન્યુ સ્ટેશન રોડ, ભુજ - કચ્છ.
E-mail : swastik.gr@gmail.com



## અનુક્રમ


| અનુક્રમ | પેજ |
|---|---|
| શ્રીહરિચરિત્રામૃતમ્ | ૪ |
| સહજ અમૃત | ૬ |
| અબજ અમૃત | ૭ |
| દિવ્યામૃત | ૮ |
| આધ્યાત્મિક જ્ઞાન | ૧૦ |
| શ્રીજી મહારાજનું અન્વય/વ્યતિરેકપણે વ્યાપકપણું | ૧૨ |
| જ્ઞાન-ધ્યાન-ઉપાસના-શીબીર | ૧૪ |
| વચનામૃતમાં આત્મનિષ્ઠા/ભગવાનનું મહાત્મ્ય | ૨૦ |



# શ્રીહરિચરિત્રામૃતમ્

સદ્. શ્રી આધારાનંદ સ્વામી રચિત પદ્યનો સંક્ષિપ્ત ગદ્ય અર્થ

ગતાંકથી ચાલુ...

## શ્રીહરિ ભાડેર, માણાવદર, પીપલાણા અગત્રાઈ પધારી નિત્ય ઉપદેશ કરતા

- ભાડેરમાં તંબુ તાણી સહુને રહેવાની વ્યવસ્થા કરવામાં આવી. નિત્ય કથા-કિર્તન આરતી થતા અને શ્રીહરિ ઉપદેશ કરતા. ગામનો રાજા આવી શ્રીહરિને પગે પડ્યો. સાથે ગોકુળદાસ ખાખી પણ હતો. તેમને સંતોને જમાડવા પ્રાર્થના કરી. ગોકુળદાસ ખાખી રાત આખી જાગી દૂધ, વગેરે સમાન ભેળો કર્યો. બીજા દિવસે વિપ્રોએ રસોઈ કરી. શ્રીહરિ સંત તથા રાજાઓને ખૂબ પીરસી દૂધ અને દહીંની રેલમછેલ કરી. પછી શ્રીહરિ તથા રાજા પોતપોતાના તંબૂમાં ગયા. પાછલો પહોર બાકી હતો ત્યારે શ્રીહરિએ સભા કરી. સૌથી વૃદ્ધ સ્વામી રામદાસજીભાઈ શ્રીહરિની પાસે બેસતા. રામદાસભાઈ કોઈ પણ સંત-હરિભક્તને દુ:ખ હોય ત્યારે સહાય કરતા. હરિભક્તોનું દુ:ખ સહન કરી શકતા નહિ અને પોતાના દુ:ખને ગણતા જ નહિ. શ્રીહરિની કોઈ પૂજા કરવા આવે ત્યારે પૂજાની રીત શીખવતા તે કહે તેમ સહુ રાજા તથા હરિભક્તો શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. સંતોની પણ પૂજા કરી. પછી ગામમાં ઘરોઘર શ્રીહરિએ પધરામણી કરી. સૂર્યાસ્ત થતા પાછા મુકામે આવ્યા. પછી શ્રીહરિ તથા સંતો ધૂન કરવા લાગ્યા. રાજાઓને ઉદેશીને શ્રીહરિએ કહ્યું કે ચોરી, પરસ્ત્રીસંગ, માંસ, મદ્ય તે મનુષ્ય જાતીએ કરવું નહિ. એમ પંચવર્તમાન સંબંધી વાત કરતા અને નિયમ ધરાવતા. ત્યાંથી શ્રીહરિ માણાવદર પધાર્યા. ત્યાં પણ એવી રીતે સંત-હરિભક્ત રાજા પૂજા કરતા, શ્રીહરિ જમાડતા અને ઉપદેશ કરતા. વસંતપંચમીનો ઉત્સવ માણાવદર કર્યો. રંગે રમ્યા અને નાહીને પાછા આવ્યા અને ત્યાંથી ચાલ્યા તે ફાગણ માસમાં પીપલાણા પધાર્યા. પશ્ચિમ દિશામાં મોટો વડ હતો ત્યાં શ્રીહરિએ ઉતારો કર્યો. પીપલાણામાં શ્રીહરિએ વિષ્ણુયાગ કર્યો. નરસિંહ મહેતાને યજમાન કર્યા. કેટલાક દિવસો સુધી નિત્યે આ યાગમાં બ્રાહ્મણો જમાડ્યા નિત્ય ધૂન-કિર્તન-ઉપદેશ કરતા અને વડની ડાળે હિંડોળો બાંધી ઝુલતા. હુતાશની ને દિવસ યજ્ઞની સમાપ્તિ કરી બ્રાહ્મણોને લાડુ જમાડી દાન આપ્યા. ફુલડોળના દિવસે રંગ-ગુલાલના માટલા ભરાવી રંગે રમ્યા. પ્રથમ સંતોને રંગ છાંટ્યો પછી રાજા ઉપર ઢોળ્યો પછી સંતોએ શ્રીહરિ ઉપર નાખ્યો આમ મધ્યાન સુધી વસંત ગાન કરતા રમ્યા. ત્યારબાદ ઓઝતમાં સ્નાન કરી ઉતારે આવ્યા. ત્યાંથી અગત્રાઈ ગયા. ત્યાં પણ નિત્ય એવી જ રીતે ઉત્સવ, સમૈયા, ઉપદેશ શ્રીહરિ કરતા. રામનવમીનો ઉત્સવ અગત્રાઈ કર્યો. સહુ ભક્તોને આમંત્રણ આપ્યું અને ઉપદેશ પણ આપ્યો જે કોઈ બાઈ ભાઈ ઘરના મનુષ્યથી છાનું



જેવો તેવો છે તોય પણ સત્સંગમાં પડ્યો છે તો એનો પૂર્વજન્મનો અથવા આ જન્મનો સંસ્કાર ભારે છે.

નીકળવું નહિ અને સંગ સોબત વિના એકલા ચાલવું નહિ. રામનવમીનો ઉત્સવ કરી મુક્તાનંદ સ્વામીને ભુજ અને રામદાસભાઈને અમદાવાદ ભક્તોને રામાનંદ સ્વામીના વિયોગનું દુઃખ દુર કરવા મોકલ્યા.

## સોરઠ વિચરણ કરતા કરતા માંગરોળ પધાર્યા

- શતાનંદમુનિ, સ્વરૂપાનંદ મુનિ, વ્યાપકાનંદ મુનિ, નિરજનાનંદ, સુખાનંદ, આનદાનંદ આદિ મુનિ, નિત્ય શ્રીહરિની સેવામાં રહેતા. શ્રીહરિ અગત્રાઈથી ચાલ્યા તે કાલવાણી પધાર્યા. ગામના આહિર ભક્તો શ્રીહરિને ભેટ અર્પણ કરી પૂજન કર્યુ. ઘેરો-ઘેર પધાર્યા અને ભક્તોના મનોરથ પૂરા કર્યા. શ્રીહરિએ ગામની બહાર વૃક્ષોથી શોભિત વાડીમાં ઉતારો કર્યો હતો. આંબાના વૃક્ષ નીચે નિત્ય સભા કરતા. કાલવાણીમાં ભીમ એકાદશી (જેઠ સુદ-૧૧) નો ઉત્સવ કર્યો. ભક્તો કેરીઓ તેમજ કેળા, પેંડા, બરફી વગેરે ફરાળ કરવા માટે લાવ્યા હતા. શ્રીહરિ પોતે જમી સંતો અને રાજાઓને જમાડ્યા. માંગરોળના યવન રાજાએ વિરણના પંખા અને એક વિનંતી ભર્યો નિમંત્રણ પત્ર લખ્યો હતો. નિતિની વાતનો પત્ર વાંચી શ્રીહરિ પ્રસન્ન થયા અને બોલ્યા કે યવન અને હિંદુનો કાંઈ મેળ નથી. જેને નીતિ ઉપર ભાવ છે તે હિંદુ છે, ધર્મ પાળે તે જ વર્ણમાં કહેવાય, બીજા વર્ણની બહાર કહેવાય. માટે ત્યાગીએ ત્યાગીના ધર્મમાં અને ગૃહસ્થે ગૃહસ્થના ધર્મમાં રહેવું. અમારા વચનમાં રહેજો. રામાનંદ સ્વામી પાસે અમે વચન માગ્યું છે કે તમારા વચનમાં જે રહે તે અન્ન-વસ્ત્રે કરીને દુઃખી થાય નહિ. તે વર અમને એમણે આપ્યો છે. અમારુ વચન ન પાડીને દુઃખ આવે તો અમારો દોષ કાઢતા નહિ. એમ ઉપદેશ આપી એકાદશીનું જાગરણ કર્યું. બીજા દિવસે બારસના પારણા કર્યા. શ્રીહરિ રસ-રોટલી જમ્યા. સંત-હરિભક્ત અને રાજાઓને પણ જમાડ્યા. જેવું પોતે જમતા એવું બીજાને જમાડતા. ગામના જનોએ શ્રીહરિને વસ્ત્ર આભૂષણ અર્પણ કર્યા જે શ્રીહરિએ વિપ્રોને આપી દીધા અને પોતે સંત-હરિભક્તો સાથે માંગરોળ જવા તૈયાર થયા.
- શ્રીહરિ માંગરોળમાં એક બાગમાં આવી ઉતર્યા. સ્નાન કરી સહુ બેઠા. પુરજનોએ પુષ્પહારથી શ્રીહરિની પૂજા કરી. પુરના રાજા વજુદિનને સમાચાર મળતા સાકર વહેંચી અને તોપો છોડી. પોતાની નવરંગ (૧) ગજ (૨)ઘોડા (૩) ઊંટ (૪) રથ (૫) સુખપાલ (૬) પાળા (૭) વાજા (૮) નેજા અને (૯) ગાયક સેના સાથે રાજા હાથી ઉપર બેસી શ્રીહરિ સન્મુખ આવ્યો. શ્રીહરિ અને રાજાનું મિલન થયું. ત્યારે પાંચ તોપો છોડવામાં આવી. રાજા શ્રીહરિના ચરણોમાં પડ્યો, હાર પહેરાવ્યા અને પુરમાં હાથીએ બેસી પધાર્યા. રાજા શ્રીહરિને બાજુએ બીજા હાથીએ બેસીને ચામર કરવા લાગ્યા. ગમે તેવો રાજા હોય તો પણ આમ અમે ચામર છેડી આપીએ નહિ, પણ તમારા પ્રતાપથી અમે આ રાજ ભોગવીએ છીએ એનો હૈયામાં આનંદ છે. આમ ગાજતે વાજતે પુરમાં શ્રીહરિની પધરામણી કરી. શ્રીહરિ સાથે પણ જે રાજાઓ હતા તે અશ્વ ઉપર વિરાજમાન થઈ ચાલતા હતા, સંધ્યા થઈ ગઈ હોવાથી મશાલો પ્રગટાવી હતી. ગામમાં પુરજનોએ દીવા પ્રગટાવ્યા. ભક્તો હાર-તોરા પહેરાવતા અને મોતિએ વધાવતા હતાં.

**ક્રમશઃ**



ભગવાનના મહિમાને જાણતો હોય તે તો ભગવાનના સંબંધને પામ્યા એવા વૃક્ષવેલી આદિક તેને પણ દેવતુલ્ય જાણે તો જે મનુષ્ય હોય ને ભગવાનની ભક્તિ કરતા હોયને તેને દેવતુલ્ય જાણે ને અવગુણ ન લે તેમાં શું કહેવું!



# સહજ અમૃત

★ ઈંદ્રિયો અંતઃકરણને વિષે જાણપણું જીવનું જ છે. પણ (૧)જેનો જીવ અતિશે બળને પામ્યો હોય તે ઈંદ્રિયો-અંતઃકરણને જ્યાં ઘટિત હોય ત્યાં ચાલવા દે અને ઘટિત ન હોય ત્યાં ન ચાલવા દે. અને જેનો જીવ અતિશે બળિયો હોય, તેને ભૂંડું સ્વપ્ન પણ આવે નહિ. (૨) જેનો જીવ નિર્બળ હોય તેને તો સાંખ્યના મતને અનુસરીને એક દૃષ્ટા એવો જે પોતાનો આત્મા તે આત્મપણે રહેવું પણ ઈંદ્રિયો અંતઃકરણ ભેગુ ભળવું નહિ. એવી રીતે સત્તારૂપ રહેતા થકા એનો જીવ બળને પામે છે. (૩) અને એથી પણ બળ પામવાનો એક અતિશે મોટો ઉપાય છે જે ભગવાન અને ભગવાનનાં સંત-હરિભક્ત તેને વિષે જેને પ્રીતિ હોય ને તેની સેવાની વિશે અતિશે શ્રદ્ધા હોય અને ભગવાનની ભક્તિએ યુક્ત હોય તેના જીવને તો તત્કાળ અતિશે બળ આવે છે. માટે સત્તારૂપે રહેવું તેથી પણ ભગવાન અને ભગવાનના ભક્ત ભેળે દેહ ધરીને રહેવું એ શ્રેષ્ઠ છે. અને જ્યારે જીવને અંત સમો આવે છે ત્યારે જીવને અનંત જાતની આધિ ને વ્યાધિ પ્રગટ થાય છે. પછી ભગવાન કે ભગવાનનાં સંતનું દર્શન થાય છે ત્યારે સર્વે દુઃખનો નાશ થઈ જાય છે. એવો ભગવાન અને ભગવાનના ભક્તનો મહિમા મોટો છે. અને ભગવાનના ભક્ત છે તે તો કેવળ બ્રહ્મની મૂર્તિઓ છે; તેમને વિષે મનુષ્યભાવ લાવવો નહિ. માટે ભગવાનના ભક્તની સેવા-ચાકરી કરવી તે બરોબર કોઈ પુણ્ય નથી અને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો તે બરાબર કોઈ પાપ નથી. માટે જેને પોતાના જીવને બળવાન કરવો હોય તેને ભગવાન કે ભગવાનના ભક્તને મન-કર્મ-વચને શુદ્ધ ભાવે કરીને સેવવા. (ગ.મ.૬૩)

★વિશ્વ રચ્યા વિના માયાના ઉદરમાં જીવ હોય તેનું ભગવાન કલ્યાણ કરે તો શું ન થાય? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે,‘‘ભગવાન શ્રીકૃષ્ણ પુરુષોત્તમ છે તે તો રાજાધિરાજ છે અને અખંડ મૂર્તિ છે અને પોતાનું અક્ષરધામરૂપી જે તખત તેને વિષે સદા વિરાજમાન છે અને તે અક્ષરધામને આશરીને અનંતકોટી બ્રહ્માંડ રહ્યા છે. અને તે ધામમાં રહ્યા થકા અનંતકોટી જે બ્રહ્માંડ છે તેને વિષે જ્યાં જેવું જણાવું ઘટે તેમ જણાય છે. તેમાં જે બ્રહ્માંડની આવરદા પૂરી થાય છે તે બ્રહ્માંડનો નાશ થાય છે. તેણે કરીને કાંઈ સર્વ બ્રહ્માંડનો નાશ થાતો નથી માટે પ્રલયકાળમાં (માયાના ઉદરમાં) શા સારુ કલ્યાણ કરવું જોઈએ? સર્વે બ્રહ્માંડ વસે જ છે.(ગ.મ.૬૪)



સત્સંગમાં જેને વધારો થવાનો હોય તેને શુભ વાસના વૃદ્ધિ પામે છે ત્યારે તેને દિવસે દિવસે સત્સંગીમાત્રનો હૈયામાં ગુણજ આવે અને સર્વ હરિભક્તને મોટા સમજે અને પોતાને ન્યુન સમજે ને આઠે પહોર તેના હૃદયમાં સત્સંગનો આનંદ વર્ત્યા કરે.



# અબજ અમૃત

★ શ્રીજી મહારાજે વચનામૃતમાં નારદ-સનકાદિક કહ્યા છે તે પોતાના સિદ્ધ મુક્તોને કહ્યા છે, એમ સમજવું, જીવાત્માને ફરતે ઈંદ્રિય છે તે ગોલક કહેવાય અને મહારાજના તેજની કિરણો છે તે પણ ગોલોક કહેવાય. એમ મહારાજ અને સંત પોતાનું સ્વરૂપ શીખાવે છે. તેમજ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિના સ્વરૂપ સમજાવે છે. એમ વાત કરતા હતાં ત્યાં સંતો દર્શને આવ્યા અને બાપાશ્રીને પગે લાગ્યા. ત્યારે બાપાશ્રીએ સંતોને કહ્યું જે આવા ખરાબ દેશકાળ આવ્યા છે (દ્રોહ કરવા રૂપ) તે આપણા ઘરમાં ન હોય. ત્યારે સંતો બોલ્યા જે મહારાજની મરજી હશે. ત્યારે બાપાશ્રી બોલ્યા જે મહારાજની મરજી આવી ન હોય. જીવનું ક્રિયામણ છે. ભગવાનનો ભક્ત કાળનો આહાર કરે છે, તેમના ઉપર કાળનું બળ ન ચાલે. તે તેવો થયો હોય તેની વાત છે.(૧/૨૪૨)

★ મહારાજ, કર્તુ, અકર્તુ અને અન્યથાકર્તુ છે એટલે સેવા અંગીકાર કરે ખરા, પણ સંતો રાગે રહિત કરે તો. સન્માન,સેવા,ફળ, ફૂલ,ખાન,પાન, મહોબત મળે તે સર્વે સિદ્ધિઓ છે. અને જો ઠીક મળ્યું છે એમ જાણીને ગ્રહણ કરે તો સિદ્ધિઓ અંત લે. અને પોતે ગ્રહણ ન કરે અને મહારાજને અર્પી દે તો બાધ ન કરે. શ્રી નિર્ગુણદાસજી સ્વામી પાસે સાકરના પડિયા વગેરે ઘણી સિદ્ધિઓ આવતી તે પોતે ગ્રહણ ન કરતા. બીજાને આપી દેતા.(૧/૨૪૨)

★ શાસ્ત્રમાં જ્યારે ગોપીઓ શબ્દ આવે ત્યારે તે સર્વે સંતમા લગડવા, ''ગીરધર નાચ ને ગોપીયો ગાય, જોઈ પ્રેમાનંદ વારી જાય.'' તે પ્રેમાનંદ સ્વામીએ ઘેલામાં શ્રીજીમહારાજ અને સંતો નાહતા ગાતા હતા તેનું વર્ણન કર્યુ છે. માટે વચનામૃત આદિ શાસ્ત્રોમાં પરોક્ષ નામો આવે ત્યારે તે મહારાજ અને મુક્તને લગાડવા. ત્યારે સદ્શ્રી વૃંદાવનદાસજી સ્વામી બોલ્યા જે રાધિકા સન્મુખ એટલે પરમ એકાંતિક મુક્તો અને લક્ષ્મીજી લીન એટલે અનાદિમુક્તો એ બેમાં સુખ કોને વિશેષ હોય? ત્યારે બાપાશ્રી બોલ્યા જે પરમ એકાંતિકથી અનાદિને સુખ વિશેષ હોય. આ અર્થ પરભાવનો છે (૧/૨૪૨)

# દિવ્યામૃત



## સદ્. શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી

- ભગવાન પૂર્ણ પુરુષોત્તમ જ્યારે મળે ત્યારે આત્યંતિક મોક્ષ થાય. એ વિના આત્યંતિક મોક્ષ ન થાય.
- બાપા કહે ભગવાનના ખરા ભક્ત હોય એને મરવાનો ભય ન હોય કે મને કોઈ મારશે, કે મરી જઈશ. એને દેહ જ નથી. હું મહારાજની મૂર્તિમાં રહ્યો છું તો મરવાનું ક્યાં રહ્યું? એને મરવાની ભાવના ન રહે. એ ભગવાનના ભક્તની એવી સમજણ થાય છે. માટે આપણે પણ મહારાજનો એવો દૃઢ આશરો રાખવો જોઈએ, કે સ્વામિનારાયણ ભગવાન આપણા ભેગા સદાય છે. અને આપણે એ મહારાજની મૂર્તિમાં રહ્યા છીએ; મૂર્તિમાં રહ્યા થકા સુખ લઈએ છીએ. એવું જ્ઞાન હોય તેમાં મહારાજ બહુ રાજી થાય છે.
- આપણે નાહી-ધોઈને ભગવાનની પૂજા કરવી. પણ મળમૂત્રના ભર્યા થકા પૂજા ન કરવી. દેહરુપ મનાય ત્યાં સુધી મળમૂત્રના ભર્યા છીએ એમ માનવું. પણ જો હું આત્મા એટલે અક્ષરધામરુપ મનાય, મને મહારાજ મળ્યા; મારા ચૈતન્યને મુક્ત કરી મૂર્તિમાં રાખ્યો છે. એમ જો ઘેડ બેસી જાય તો એ નાહ્યો છે.

## અ.મુ.પ.પૂ. શ્રી સોમચંદબાપા

- કાર્ય સત્સંગમાં જેઓ માને છે તેને આ કારણ સત્સંગ સમજાતો નથી.
- પણ શાસ્ત્રમાં ઘણા શબ્દો સાધનકાળના છે તે જીવોને સમજાવવા લખ્યા છે, અને આજ સુધી તેનું જ મનન કર્યું છે તેથી એવાં દૃષ્ટાંતો તથા એવું સમજાવનારા સાધનદશાવાળાના જોગથી ઉત્તમ સ્થિતિ અનાદિની તેનું મનન થતું નથી, તેથી એ સ્થિતિ ક્યાંથી પમાય? શ્રીજીમહારાજને અક્ષરધામના પતિ જાણવાથી અક્ષરધામમાં જવાય પણ ગોલોકના પતિ, વૈકુંઠના પતિ જાણવાથી ન જવાય, એની મોટા સદગુરુઓનાં વચનથી ઘણા વખતે હા પડી છે, તેમ પૂર્વના મુક્તોને અનાદિ ન માનીએ ત્યાં સુધી આપણે અનાદિની સ્થિતિ પામી શકીએ નહિ. બાપાશ્રી કહે છે કે વાચ્યાર્થમાં પડ્યું રહેવું નહિ, એટલે એવી સ્થિતિવાળાને જાણવા ને ઓળખવા. મોટાને એવા જાણતા એવી સ્થિતિ પમાય છે. મહારાજે અનાદિ દ્વારે બધું કહ્યું છે. મુક્તોને તો મૂર્તિ વિના કાંઈ હોતું જ નથી. એ વાતની ઘેડ્ય ક્યારે બેસે? આપણને મૂર્તિનો સંબંધ અખંડ રહે તો.



- સદગુરુ વૃંદાવનદાસજી સ્વામીની વાતમાં છે કે 'વિવાહના ધોળ ગવાય ત્યારે રાજાના ઘેર વિવાહ હોય તોય એ જ ગવાય, ને ગરીબના ઘેર હોય તોય એ જ ગવાય, પણ સૌ સૌના નિશાનમાં ફેર. 'તેમ ચાલોચાલ, એકાંતિક, પરમ એકાંતિક એ બધાં આવા ગહન શબ્દોના અર્થ પોતાની સ્થિતિ પર સમજે અને એ રીત જ છે, જેથી કોઈ સમજે- ન સમજે તેનો ધોખો સ્થિતિવાળાને ન રાખવો.



## અ.મુ.પ.પૂ. શ્રી જાદવજીબાપા

- અનાદિમુક્ત મહારાજને જેમ છે તેમ ઓળખાવે છે. પ્રત્યક્ષ અને પરોક્ષ. જે અક્ષરધામમાં છે એને એ મૂર્તિ પ્રત્યક્ષ મનુષ્ય રુપે દર્શન દે છે. એની એ પ્રતિમા રુપે.
- ભગવાનનું સુખ જેમ છે તેમ પામવું હોય તો પોતાને આત્મારુપ થઈ પરમાત્મામાં જોડાઈ અને સત્પુરુષનો જોગ કરે. એવા મોટા હોય તેને જોગે કરીને એ વાતને સમજાવે. પણ પોતાની બુદ્ધિ બળે ન સમજાય.
- ભગવાન કે મોટા પુરુષને વિષે હેત, આત્મબુદ્ધિ થાય તો પોતાનો મોક્ષ મનાય જાય. કે મારું તો કલ્યાણ થઈ રહ્યું છે. મારો તો મોક્ષ થઈ રહ્યો છે. પણ મારો જોગ કરશે, મને હાથ જોડશે. મારે વિષે હેત રાખશે તેનો પણ મોક્ષ થઈ જાશે. આવું એને બળ આવી જાય.

## અ.મુ.પ.પૂ. શ્રી નારાયણમામા



- બાપા પાસે એક સોની આવ્યો, તો બાપાને પ્રાર્થના કરી કે, 'બાપ! મારું કલ્યાણ કરજો.' પછી બાપા તો અંતર્યામી. તો બાપા કહે, 'ચોરી ન કરે તો અમે કલ્યાણ કરીએ.' ત્યારે એ વિચારમાં પડ્યો. થોડીવાર રહીને કહે, 'બાપા! અમારો ધંધો જ એવો કે ચોરી ન કરીએ તો પૂરું જ ન થાય.' બાપા કહે,' તો ત્યાં એ પૂરું ન થાય'. તો કહે, 'શું કરવું?' બાપા કહે,' તમારી ઈચ્છા. ચોરી ન કરો તો પૂરુ કરીએ.' પછી કહે, 'સારું બાપા, હું નક્કી કરીને કાલ કહી જઈશ.' ભલે કહે કે, 'કાલે આવજે.' પછી એ તો ઘરે ગયો. એમના ઘરના મનુષ્યને પૂછ્યું,' કે બાપાએ તો આવું કહ્યું છે તો હવે આપણે શું કરવું?' એના ઘરનું મનુષ્ય બળવાન હતું. એ કહે, 'બીજું શું થવાનું હતું પૂરું નહિ થાય તો બીજું શું થશે? દેહ પડી જશે કે બીજું કાંઈ થવાનું છે? દેહ પડી જશે તો પૂરું કરીને ધામમાં તો લઈ જશેને? તો ઓછી ઉપાધી! આપણે સાધન કરવા મટ્યા! એક જ સાધન કરવાનું રહ્યું. ચોરી ન કરવી. ત્યારે હવે એક સાધનથી પતતું હોય તો બીજી લપ શું કામ કરવી?' પછી દેહ મૂક્તી વખતે શ્રીજીમહારાજ અને બાપાશ્રી તેજોમય દર્શન આપીને આખા ઘરના મનુષ્યોને તેડી ગયા. બાપાશ્રીનું વચન માન્યું તો બધાને મહારાજ અને બાપા દર્શન દઈને તેડી ગયા. પણ ભગવાને એટલી બધી કસોટી કરી ચોરી માટેની, પણ એને પાર ઉતારી દીધી. ઘરના મનુષ્યે આમ કહ્યું એટલે પૂરું થયું.
- મહારાજે પંચ વર્તમાન દારુ, માંસ, ચોરી, અવેરી, વટલવું નહિ ને વટલાવવું નહિ. આ પંચ વર્તમાન લાગે સાદા, પણ સાદા નથી. ભગવાનના સ્વરુપનું દર્શન કરાવે એવા પાત્ર બનાવવા જેટલા મહાન પંચ વર્તમાનો છે.

# આધ્યાત્મિક જ્ઞાન

ગતાંકથી ચાલુ.....

સંકલન : અ.મુ.શ્રી મેઘજીભાઈ કે. વિઠાણી, વડોદરા

૩૭૦ મન ક્યારે જીતાય ? પંચવિષયનો અતિશે ત્યાગ થાય ત્યારે. શબ્દ-સ્પર્શ-રૂપ-રસ ને ગંધ એ પંચવિષયમાંથી ઇન્દ્રિયો જ્યારે પાછી હઠે અને કોઈ વિષય પામવાની ઈચ્છા રહે નહિ ત્યારે ઇન્દ્રિયો વશ થાય છે.જ્યારે ઇન્દ્રિયો વિષયનો સ્પર્શ જ ન કરે ત્યારે મન પણ ઇન્દ્રિયો લગણ આવે નહિ ને હૈયામાં ને હૈયામાં રહે. એવી રીતે પંચવિષયનો ત્યાગ અતિ દ્રઢપણે થાય ત્યારે મન જીત્યું જાણવું. જો વિષય ઉપર કાંઈ પ્રીતિ હોય તો મન જીત્યું હોય તોપણ જીત્યું ન જાણવું. (સા.૧).

૩૭૧ શ્રવણ : મનન : નિદિધ્યાસ : સાક્ષાત્કાર કોને કહેવાય ? શ્રવણ - કાને કરીને વાર્તા સાંભળવી તેને. ।। મનન- સાંભળેલી વાર્તાનો મને કરીને વિચાર કરીને ગ્રહણ કરવા યોગ્ય હોય તેને ગ્રહણ કરવી ને ત્યાગ કરવા જેવી હોય તેનો ત્યાગ કરવો તેને. ।। નિદિધ્યાસ - નક્કી કરીને મનને વિષે ગ્રહણ કરી હોય તેને રાત-દિવસ સંભારવાનો જે અધ્યાસ રાખવો તેને. ।। સાક્ષાત્કાર - જે વાર્તા જેવી હોય તેવી ચિંતવન કર્યા વિના ઇદં સાંભરી આવે તેને સાક્ષાત્કાર કહેવાય. ।।।

ભગવાનની વાર્તાની જેમ આત્મ સ્વરૂપનો અને ભગવાનના સ્વરૂપનો શ્રવણ-મનન-નિદિધ્યાસ કર્યો હોય તો આત્મસ્વરૂપનો તથા ભગવાનનો એવી રીતે સાક્ષાત્કાર થાય છે. એવી જ રીતે ભગવાનના સ્વરૂપનું દર્શન કરીને તેનું મનન ને નિદિધ્યાસ ન કર્યો હોય તો લાખ વર્ષ સુધી દર્શન કરે તોપણ તે સ્વરૂપનો સાક્ષાત્કાર ન થાય. (સા.૩).

૩૭૨ નૈમિષારણ્ય ક્ષેત્ર કોને જાણવું ? મનોમય ચક્ર તે મનને જાણવું, એની ધારા દશ ઇન્દ્રિયો છે, તે જે ઠેકાણે ઘસાઈને બૂઠી થઇ જાય તેને. ઇન્દ્રિયો બૂઠી થઇ જાય ત્યારે શ્રેષ્ઠ વિષય (રૂપવાન સ્ત્રી, સુંદર વસ્ત્ર અલંકાર આદિ) તેમાં તેની વૃત્તિ ચોટે નહિ, મૂળગો તેના મનમાં અતિશે અભાવ આવે. તે ઈંદ્રીયોની ધારા એકાંતિક સંતના સમાગમથી બૂઠી થાય છે. (સા.૭).

૩૭૩ હૃદયમાં યુગના ધર્મ પ્રવર્તવાનું કારણ ગુણ છે. ગુણની પ્રવૃત્તિનું કારણ કર્મ હોય તેવા ગુણની પ્રવૃત્તિ થાય છે. (સા.૯). ।। જ્યારે શુધ્ધ સત્વગુણ વર્તતો હોય ત્યારે હૈયામાં સત્યયુગની પ્રવૃત્તિ હોય, જ્યારે સત્વ ને રજ ભેળા વર્તતા હોય ત્યારે હૈયામાં ત્રેતાયુગની પ્રવૃત્તિ હોય, જ્યારે એકલો રજોગુણ વર્તતો હોય ત્યારે હૈયામાં દ્વાપરયુગની અને એકલો તમોગુણ વર્તતો હોય ત્યારે કળિયુગની પ્રવૃત્તિ હોય.

૩૭૪ પુરુષપ્રયત્ન કોને કહેવાય ? તેણે કરીને કેટલું કામ થાય ? મહારાજ કહે છે કે વૈરાગ્ય. શ્રધ્ધા, બ્રહ્મચર્ય, અહિંસા ને આત્મનિષ્ઠા એ પાંચ સાધન તે પુરુષપ્રયત્ન છે, તેણે યુક્ત થાય તે જન્મ-મરણથી રહિત થઈને આત્મસત્તાને પામે છે એટલે અમારા તેજરૂપ થાય છે. આટલું તો પુરુષપ્રયત્ને કરીને થાય છે. પરમેશ્વરની કૃપા પણ એવે લક્ષણે યુક્ત હોય તે ઉપર જ થાય છે, પછી એ એકાંતિક ભક્ત થાય છે. - (સા.૧૧).

૩૭૫ ભગવાનના તુલ્યપણાને પામે છે એટલે શું સમજવું ? જેમ ભગવાન શુભ-અશુભ કર્મે કરીને બંધાતા નથી તેમ તે મુક્ત પણ શુભ-અશુભ કર્મથી બંધાય નહિ અને તે ક્યારેક અતિશે હેતે કરીને ભગવાને વિષે લીન થઇ જાય છે ને ક્યારેક તો મૂર્તિમાન થકો ભગવાનની સેવામાં રહે છે. જેમ ભગવાન સ્વતંત્ર છે તેમ એ પણ સ્વતંત્ર થાય છે. આને તુલ્યપણું કહ્યું છે.

૩૭૬ ઇન્દ્રિયોના દેવતા :: બુધ્ધિમાં નિશ્ચયની વિગતિ કરનારા એટલે કે દેવતા = બ્રહ્મા. ।। મનના દેવતા = ચંદ્રમાં ।। ચિત્તના દેવતા = વાસુદેવ ।। અહંકારના દેવતા = રુદ્ર ।। એવી રીતે દશે ઇનદ્રિયોમાં પણ વિગતિના કરનારા દેવતા અલગ અલગ છે. ।। આ બધાંને જીવ



ઘીના પાત્રને ફોડે તેણે ઘીનો દ્રોહ કર્યો કહેવાય તેમ સત્સંગ અને મંદિરોનો દ્રોહ કરે તેણે શ્રીજીમહારાજનો દ્રોહ કર્યો કહેવાય.

એકકળાવછિન્ન જાણે છે. બુધ્ધિ નખશિખા પર્યંત દેહમાં વ્યાપી રહી છે, ને બુદ્ધિને વિષે જીવ રહ્યો છે પણ તે જીવ જણાતો નથી એકલી બુધ્ધિ જણાય છે. તેમ દેહમાં જીવ રહ્યો છે ને જીવમાં ભગવાન રહ્યા છે પણ જણાતા નથી.

૩૭૭ ભક્તનો મહિમા :: મહારાજ કહે છે કે ભગવાનના ભક્ત વિના તો અમારે ચૌદ લોકની સંપત્તિ તે તણખલા જેવી છે. અમે તો જે મન-કર્મ-વચને પરમેશ્વરના ભક્ત છે તેને અર્થે અમારો દેહ પણ શ્રીકૃષ્ણાર્પણ કરી રાખ્યો છે, અમારે તો સર્વ પ્રકારે ભગવાનના ભક્ત સંગાથે સંબંધ છે. [શ્રીકૃષ્ણાર્પણ એટલે એવા ભક્તને પોતાની મૂર્તિને વિષે રાખે છે, એમ દેહ/મૂર્તિ અર્પણ કરી છે.](કા.૬).

૩૭૮ ગુણાતીત એટલે શું ? ત્રણ ગુણ રજ-તમ-સત્વથી પર. જે માયાથી પર હોય તે સર્વેને ગુણાતીત કહેવાય છે.ગુણાતીત શબ્દ એ વિશેષણ છે. મૂળપુરુષ તથા તેમના મુક્તોને પણ ગુણાતીત કહેવાય.

૩૭૯ ભગવાનનું નિર્ગુણપણું :: ભગવાનનું નિર્ગુણ સ્વરૂપ છે તે તો સૂક્ષ્મ થકી પણ અતિ સૂક્ષ્મ છે અને પૃથ્વીથી લઈને અક્ષર સુધી બધાનું આત્મા છે અને એ સર્વે ભગવાનનું સ્વરૂપ છે. ભગવાન સર્વના આત્મા છે તોપણ અક્ષરપર્યંત કોઈ ભગવાન જેવા સમર્થ થાવાને સમર્થ નથી થાતા. ભગવાનનું અતિશે સૂક્ષ્મપણું, અતિશે નિર્લેપપણું, અતિશે શુધ્ધપણું, અતિશે અસંગીપણું, અતિશે પ્રકાશેયુક્તપણું ને અતિશે ઐશ્વર્યેયુક્તપણું તે એ ભગવાનની મૂર્તિને વિષે નિર્ગુણપણું છે.

ભગવાનનું સગુણપણું :: ભગવાનની મોટાઈ આગળ અષ્ટ આવરણે યુક્ત જે અનંત કોટી બ્રહ્માંડ તે અણુની પેઠે અતિ સૂક્ષ્મ ભાસે છે. તે બ્રહ્માંડ કંઈ નાના થઇ ગયા નથી. એ તો ભગવાનની મોટપ આગળ નાના જણાય છે. એવી રીતે ભગવાનની મૂર્તિને વિષે જે અતિશે મોટાઈ તે ભગવાનનું સગુણપણું છે.

અને ભગવાનનું મનુષ્ય સ્વરૂપ તે મૂળ સ્વરૂપ જ છે. નિર્ગુણપણું ને સગુણપણું એ તો એ મૂર્તિનું કોઈક અલૌકિક ઐશ્વર્ય છે. ભગવાન પોતાની ઈચ્છાએ કરીને પોતામાંથી નિર્ગુણ ને સગુણ રૂપ જે ઐશ્વર્ય તેને પ્રગટ કરીને પાછુ પોતાને વિષે લીન કરે છે, એવા જે ભગવાન મનુષ્ય જેવા જણાતા હોય પણ તેના મહિમાનો કોઈ પાર પામતા નથી. એવી રીતે ભગવાનની મૂર્તિમાં નિર્ગુણપણું ને સગુણપણું જે ભક્ત સમજે તેને કાળ, કર્મ ને માયા બંધન કરવાને સમર્થ થાતા નથી અને તેને આઠે પહોર અંતરમાં આનંદ રહ્યા કરે છે. (કા.૮).

૩૮૦ વાણી દોષ :: સારી વાત કરતો હોય તોપણ તેની વાત ન સાંભળીએ એવો એની વાણીમાં શો દોષ જાણવો ? મહારાજ પૂછે છે ને પોતે જ ઉત્તર કરે છે. (લો.૬). વાત કરવામાં પોતાને વિષે જે ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ તેની જે અહંકારે કરીને સરસાઈ દેખાડે ને બીજા સંતમાં જે ભક્તિ, જ્ઞાન આદિક ગુણ તેની ન્યૂનતા દેખાડે, એવો જેની વાણીમાં દોષ હોય તેની વાત ન સાંભળવી.

૩૮૧ ધર્મ ને નિશ્ચય બેય હોય પણ હિંમત રહિત વાત કરતો હોય તેનો ત્યાગ કરવો. - મહારાજ. (લો.૬).

૩૮૨ સર્વથી સરસ વર્તવારૂપ ગુણનો ત્યાગ કરીને સમાસ અર્થે બરોબર વર્તવું. - મહારાજ. (લો.૬).

૩૮૩ જ્યારે શ્રીજીમહારાજ જીવને કૃપા કરીને દિવ્યદેહ આપે ત્યારે તે પોતાને, મૂળપુરુષને, અક્ષરને તથા શ્રીજીમહારાજને પૃથક્પણે દેખે છે અને સર્વેના પ્રકાશને પણ વિલક્ષણપણે (જુદો જુદો) દેખે છે. દિવ્યદેહ બંધાય એટલે મૂર્તિમાન થાય ત્યારે તેને આવરણ રહેતું નથી તેથી તે સર્વેને તેના તેના ધામોને વિષે શ્રીજીમહારાજની પેઠે જ દેખે છે. (લો.૧૫).

૩૮૪ ભગવાનની પ્રાપ્તિ માટે જે અનંત સાધન કરવાના કહ્યા છે એમાં એક એવું મોટું કિયું સાધન છે જેણે કરીને સર્વ દોષ ટળી જાય ને તેમાં સર્વે ગુણ આવે ? માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ હોય તેના દોષ માત્ર ટળી જાય છે ને જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ ન હોય તોપણ તે સર્વે આવે છે. (લો.૧૬).

**ક્રમશઃ**


જે સત્સંગ દિવ્ય ન જાણે અને પોતાને સરસ માને અને બીજાને પોતાથી ન્યુન માને અને તે કહે જે હું મહારાજની મૂર્તિને દેખું છું, તો એ વાત ખોટી છે.

# શ્રીજીમહારાજનું અન્વયપણે તેમજ વ્યતિરેકપણે વ્યાપકપણું - વચનામૃતને આધારે

શ્રી રાજ વકીલ - અમદાવાદ

પરમકૃપાળુ બાપાશ્રીએ પ્રથમના ૩૩ના રહસ્યાર્થમાં સમજાવ્યું કે શ્રીજીમહારાજ જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ તથા મૂળઅક્ષરાદિ સર્વને વિષે પોતાના તેજરૂપે અંતર્યામીપણે રહ્યા છે તે શ્રીજીમહારાજનું અન્વયપણું છે અને પોતાના બ્રહ્મજ્યોતિરૂપ અક્ષરધામને વિષે મૂર્તિમાન રહ્યા છે તે વ્યતિરેકપણું છે. એટલે કે શ્રીજીમહારાજ અન્વયપણે પોતાના તેજ દ્વારા સર્વત્ર વ્યાપક છે અને વ્યતિરેક કહેતા મૂર્તિમાનપણે પોતાના અક્ષરધામમાં વિરાજમાન છે. બહુધા શ્રીજીમહારાજનું સર્વત્ર વ્યાપકપણું પોતાના તેજ દ્વારા જ વચનામૃતમાં વર્ણવેલ છે. પરંતુ શ્રીજીમહારાજ જેમ તેજ દ્વારા સર્વત્ર વ્યાપક છે તેમજ વ્યતિરેક કહેતા મૂર્તિમાનપણે પણ વ્યાપક છે જેની સ્પષ્ટતા બાપાશ્રીએ વચનામૃતને આધારે કરી.

પ્રથમ આપણે શ્રીજીમહારાજ પોતાના તેજ દ્વારા અન્વયપણે સર્વત્ર વ્યાપક છે તે કેટલાક વચનામૃતોને આધારે જોઈશું;

પ્રથમના ૭માં મહારાજે કહ્યું કે અક્ષરબ્રહ્મ, ઈશ્વર, જીવ, માયા અને માયાનાં કાર્ય જે બ્રહ્માંડ એમને વિષે જે શ્રીકૃષ્ણ ભગવાનને કહેતાં શ્રીજીમહારાજને અંતર્યામીપણે કહેવા ને નિયંતાપણે કહેવા તે એ ભગવાનનો વાચ્યાર્થ છે કહેતાં ભગવાનનું અન્વયપણું છે.

પ્રથમના ૧૩માં મહારાજે કહ્યું કે એ ભગવાન તે જે તે પુરુષ, પ્રકૃતિરૂપ જે પોતાની શક્તિ તેણે સહિત થકા જીવ જીવ પ્રત્યે અંતર્યામીરૂપે રહ્યા છે.

પ્રથમના ૪૧માં મહારાજે કહ્યું કે પ્રત્યક્ષ પુરૂષોત્તમ જે અમે તે મૂળઅક્ષરથી લઈને બ્રહ્મ, ઈશ્વર, માયા, જીવ એ સર્વેને વિષે પાત્રની તારતમ્યતાએ અંતર્યામીરૂપે એટલે અન્વય સ્વરૂપ જે અમારું તેજ તે દ્વારે કરીને રહ્યા છીએ.

પ્રથમના ૪૫માં મહારાજે કહ્યું કે પુરૂષોત્તમ ભગવાનની કિરણરૂપ જે સર્વત્ર વ્યાપક સચ્ચિદાનંદ બ્રહ્મ તે પુરૂષોત્તમ ભગવાનનું તેજ છે.

સારંગપુરના ૫માં મહારાજે કહ્યું કે બદ્ધ જીવ તથા મુક્ત જીવ એ બેના હૃદયમાં સાક્ષીરૂપ થકા રહ્યા છે અને બદ્ધપણું ને મુક્તપણું જેને અડતું નથી તેમ જ ઈશ્વરના ને અક્ષરના હૃદયમાં સાક્ષીરૂપે રહ્યા છે અને તે તે ઉપાધિથકી રહિત છે એ પુરૂષોત્તમનું અન્વય સ્વરૂપ છે.

મધ્યના ૩જામાં મહારાજે કહ્યું કે પ્રકૃતિપુરુષાદિક સર્વેનું કારણ ને આધાર ને નિર્વિકાર ને નિરંશ ને વ્યાપક એવું જે બ્રહ્મ તે અમારું તેજ છે.

મધ્યના ૧૦માં મહારાજે કહ્યું કે પુરૂષોત્તમ ભગવાન છે તે બ્રહ્મરૂપ જે પોતાની શક્તિ તેણે કરીને સર્વેને વિષે વ્યાપક છે ને મૂર્તિમાન થકા સર્વથી જુદા છે અને બ્રહ્મ છે તે તો પુરૂષોત્તમ

ભગવાનની કિરણ છે.

ઈત્યાદિક વચનામૃતોમાં શ્રીજીમહારાજે અન્વય સ્વરૂપ જે પોતાનું તેજ તે દ્વારે સર્વત્ર વ્યાપકપણું સમજાવ્યું છે.

હવે આપણે શ્રીજીમહારાજ વ્યતિરેક કહેતા મૂર્તિમાનપણે પણ વ્યાપક છે તે કેટલાક વચનામૃતોને આધારે જોઈશું;

લોયાના ૪થામાં મહારાજે કહ્યું કે ભગવાન પોતે પોતાના અક્ષરધામને વિષે સદા વિરાજમાન છે અને મૂળ માયામાંથી ઊપજ્યા જે અનંત કોટી પ્રધાનપુરુષ તે થકી અનંત કોટી બ્રહ્માંડ ઊપજે છે પછી તે ભગવાન પોતાના અક્ષરધામમાં એક ઠેકાણે રહ્યા થકા પોતાની ઈચ્છાએ કરીને અનંત કોટી બ્રહ્માંડને વિષે અનંતરૂપે દેખાય છે.

મધ્યના ૪૨માં મહારાજે કહ્યું કે ભગવાન જે પુરૂષોત્તમ તે તો અક્ષરધામને વિષે સદાય વિરાજમાન રહે છે ને તે સત્ય સંકલ્પ છે ને અક્ષરધામને વિષે રહ્યા થકા જ જે જે બ્રહ્માંડમાં જે જે રૂપે પ્રકાશ્યાં જોઈએ તેવા તેવા રૂપને પ્રકાશ કરે છે.

મધ્યના૬૪માં મહારાજે કહ્યું કે ભગવાનનું અક્ષરધામ છે અને તે ધામને વિષે ભગવાન અખંડ વિરાજમાન રહે છે. અને તે ધામમાં રહ્યા થકા અનંતકોટી જે બ્રહ્માંડ છે તેને વિષે જ્યાં જેને જેમ દર્શન દેવું ઘટે ત્યાં તેને તેમ દર્શન દે છે અને જે સાથે બોલવું ઘટે તે સાથે બોલે છે અને જેનો સ્પર્શ કરવો ઘટે. તેનો સ્પર્શ કરે છે. માટે એક ઠેકાણે રહ્યા થકા જે અનંત ઠેકાણે દેખાવું એ જ ભગવાનનું યોગકળાએ કરીને વ્યાપકપણું છે, પણ આકાશની પેઠે અરૂપપણે કરીને વ્યાપક નથી.

વડતાલના ૧૩માં મહારાજે કહ્યું કે બ્રહ્મ કહેતાં સર્વથી મોટા સાક્ષાત શ્રીકૃષ્ણ અમે તે અમે અમારા અક્ષરધામરૂપ એક દેશમાં મૂર્તિમાન રહ્યા થકા સર્વ ઠેકાણે દર્શન આપીએ છીએ.

ઉપરોક્ત વચનામૃતોને આધારે સમજી શકાય કે શ્રીજીમહારાજ વ્યતિરેક કહેતા સાકારપણે પણ વ્યાપક છે. આ વાત બાપાશ્રીએ વડતાલના ૧૩ના રહસ્યાર્થમાં સ્પષ્ટ કરી કે શ્રીજીમહારાજ જીવોના કલ્યાણ કરાવને અર્થે મનુષ્યરૂપે અનંત બ્રહ્માંડમાં દર્શન આપે છે તથા પોતાના ભક્તોને વિષે મૂર્તિમાન રહ્યા થકા તે ભક્તોને ધ્યાનમાં આત્માને વિષે દર્શન આપે છે તથા પોતાના ભક્તોને અંત વખતે દર્શન આપે છે એમ ત્રણ રીતે સાકારપણે વ્યાપક કહ્યા છે, અને જીવ, ઈશ્વર, બ્રહ્મ તથા અક્ષરાદિક સર્વને વિષે પોતાના તેજરૂપે કર્મફળપ્રદાતાપણે અંતર્યામીપણે / અન્વયપણે રહ્યા છે તે નિરાકારપણે વ્યાપક કહ્યા છે, માટે શ્રીજીમહારાજ કલ્યાણ કરવાને અર્થે સાકાર વ્યાપક છે, અને કર્મફળ આપવાને અર્થે અન્વયસ્વરૂપ જે તેજ તે દ્વારે વ્યાપક છે, એમ શ્રીજીમહારાજનું અન્વયપણે તેમજ વ્યતિરેકપણે વ્યાપકપણું છે.

ક્રમશઃ

# અષાઢી ઉજવણી ઉપલક્ષે જ્ઞાન-ધ્યાન-ઉપાસના શીબીર

લેખનઃ શ્રી પ્રફુલ ગાંધી-અમદાવાદ
સંકલનઃ શ્રી કલ્યાણ વેકરિયા-બળદિયા

**તા.૨૬/૧૦/૨૦૨૫ (પ્રથમ સત્ર)**

જ્ઞાન-ધ્યાન-ઉપાસના શિબિરના સત્રનો પ્રારંભ શિબિરના વક્તા સદ્ શા.શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામીનું પૂજન પ્રાગટ્ય શિબિરના કાયમી સહયજમાનશ્રી કનુભાઈ રામાભાઈ પટેલ તથા બાપાશ્રી પ્રાગટ્ય પારાયણના યજમાન શ્રી કાનજીભાઈ ભવાનભાઈ રૂપાણી સહપરિવાર તેમજ શ્રી અબજીબાપાશ્રી છત્રી સ્થાનના પ્રમુખશ્રી ગોવિંદભાઈ કલ્યાણભાઈ વેકરિયા દ્વારા કરવામાં આવ્યું. ત્રિદિનાત્મક શિબિરમાં જ્ઞાન-ધ્યાન-ઉપાસના ઉપર જે વક્તાશ્રી તથા જુદા જુદા પ્રવચનોમાં પ્રાસંગિક વાત થઈ તે અંશો અહિં પ્રસ્તુત છે.

હરિભક્તો કિર્તન ધૂન કરી લીધા બાદ વક્તા સદ્ શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામીએ વાત કરી જે...

- મન,વચન,ક્રિયાથી એક પણ ક્ષણ ભગવાન વિના ન જાય તેનું અનુસંધાન રાખીયે અને હું કયાં ઉભો છું? દેહભાવમાં કે આત્મભાવમાં તેનો નિરંતર તપાસ કરવો.
- મહિમા વિનાની ભક્તિ ટકતી નથી. સર્વે ઈન્દ્રીયો ભગવાનમાં જોડવી.
- જો ભગવાનનું અનુસંધાન ચુકાય તો માથામાં ડામ દે તેવું વસમું લાગે એવું થવું જોઈએ. ગોપીયો જેવું હેત ભગવાનમાં કરવું.
- માન તજવું જોઈશે. માની સત્સંગરૂપી ભીડામાં નહિં રહી શકે. ''સાધન સર્વે માન બગાડે પળ વિષે...'' જેને માન નથી તે તો ''શૂળી ઉપર શયન કરાવે તોયે સાધુને સંગે રહીયે..'' મુક્તાનંદ સ્વામી આમ કહે છે.
- ''સહુ હરિભક્તને રે રહેવું હોય મારે પાસ, તો તમે મેલજો રે મિથ્યા પંચવિષયની આશ.'' એમ ઓરડાના પદોમાં શ્રીજીમહારાજ કહે છે.
- શ્રીજીમહારાજ કહે જીવ પ્રાણી માત્રના નાડી પ્રાણ ખેંચી સમાધિ કરાવવી સહેલી છે પણ મહિમા સમજાવો ખૂબ અઘરો છે, જે શિબિરનું પ્રયોજન છે.
- ભગવાનને પામવા ત્વરા, ખપ, તાલાવેલી જોઈએ. મૂર્તિનું મનન થાય તો સ્વભાવ આપો-આપ ટળી જાય.
- જ્યારે સંત વાત કરે ત્યારે પોતા ઉપર લ્યે અને એમ સમજે જે આ મારા હિતની વાત કરે છે તો અર્થ સરે.
- જગતમાં લોકો સુખી થવાના કંઈક ઉપચાર સોધે છે. સેમિનાર પણ યોજાય છે, પણ ભગવાનની કોઈ વાત કરતું નથી; તો સુખ ક્યાંથી થાય? મૂર્તિ આવે તો સુખ થાય.
- આપણા અંતઃકરણમાં વાંડ ઠુંઠા છે તે દેખાતા નથી પણ તે કાઢવા જોઈશે. આવી વાર્તાઓ સાંભળી મનન કરવું પડશે. સંતના દાસ થઈ રહેવું પડશે. તે શ્રીજી મહારાજે કહ્યું છે, ''દાસનો દાસ થઈ જે રહે સત્સંગમાં, ભક્તિ તેની ભલી માની રાચીસ તેના રંગમાં..'' તેમજ ''હરિ હરિજનની ગતિ છે ન્યારી તેને દેહદર્શી જાણે પોતા જેવા સંસારી..'' એમ મુક્તાનંદ સ્વામી કહે છે.
- નિર્વાસનિક થઈ ભગવાનનું ભજન કરવું. સર્વે પ્રકારનું માન મૂકી દેવું.
- મનમાં સંકલ્પ ઉઠે તો દબાવી દેવા તેનું મનન ન કરવું મનન કરવાથી તેનો ઘાટ બંધાય છે. માટે અર્જુને મચ્છ વેંધવા એક વૃત્તિ કરી હતી તેમ આપણે એક મૂર્તિમાં વૃત્તિ રાખવી.
- અક્ષરથી પર જે પુરુષોત્તમ તે આપણને મળ્યા છે. તે કાંઈ થોડી વાત છે? એમનું સુખ લેવા કૃપાપાત્ર થવું. મહિમા સમજવામાં કોઈ મર્યાદા બાંધવી નહિ. અપાર મહિમા છે. ''મેરે તો તુમ એક હી એક આધારા...'' એવું કરી મેલવું. ''નીચી ટેલ મળે તો માને ભાગ્ય જો..'' એવું દાસપણું દઢ કરવું.
- ભગવાન અને તેમના ભક્તની સેવા જેવું કોઈ પુણ્ય નથી અને તેમના દ્રોહ જેટલું કોઈ પાપ નથી માટે ભગવાનના ભક્તનો દ્રોહ ન કરવો. જો દેહાત્મ્ બુદ્ધિ હોય તો દ્રોહ થઈ જાય. માટે આત્મભાવ/બ્રહ્મભાવ દઢ કરવો.
- વંદન અને ચંદન બન્ને શીતળતા આપે છે. માટે મોટાને વંદન કરવા.
- પ્રથમ સત્રના અંતમા મુનિસ્વામીની દિવ્યવાણીનો લાભ લીધો તેમજ ધ્યાન અને માનસીપૂજા કરી પ્રથમ સત્રની



ધર્મ,જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચાર સ્વરૂપ સત્પુરુષના સમાગમે પમાય છે પણ તે વિના શાસ્ત્રમાંથી પોતાની માયાકિ બુદ્ધિએ કરીને પમાતું નથી.

પૂર્ણાહુતી કરવામાં આવી.

**તા.૨૬/૧૦/૨૦૨૫ (દ્વિતિય સત્ર)**

હરિભક્તો કિર્તન ધૂન કરી લીધા બાદ વક્તા સદ્‌શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામીએ વાત કરી જે...

- મુક્તો પોતાનું ઐશ્વર્ય ઢાંકીને વર્તે છે, છતાં પણ ભગવાનની ઈચ્છાથી ક્યારેક મુક્તોનું ઐશ્વર્ય જણાઈ આવે છે.
- ભગવાન અહેતૂક પોતાનો પ્રેમ આપે છે. આપણી પાસે બે હાથ જોડી એક માથું નમાવવા સિવાય બીજું કશું નથી. છતાં એટલુંય આપણે કરતા નથી. માટે આવી શરણાગત ભક્તિયુક્ત જ્ઞાની અમને ગમે છે તેમ શ્રીજીમહારાજ કહે છે. માટે ઉપાસના પણ દૃઢ કરવી.
- દિવ્યભાવ રાખીને બધાની સાથે હળીમળીને ભજન કરવું.
- બાપાશ્રી કહે છે કે નિરાવરણ દ્રષ્ટિમાં ૯૯%નું જોખમ છે. માટે એ ન ઈચ્છવું. બધાય પ્રત્યે દિવ્યભાવ રહે એવું માંગવું. ‘‘સંત વિના સાચી કોણ કહે, સાચા સુખની વાત...’’
- જેમ સમયાંતરે ગાડી સર્વિસ કરાવવી પડે અને બેટરી ચાર્જ કરવી પડે તેમ સંસારમાં રહ્યે રહ્યે આપણામાં કામ, ક્રોધ, આદિ દોષો અંતરમાં પ્રવેશી જાય છે તે કાઢવા આવા પ્રસંગોમાં આવવું પડે છે.
- ધ્રાંગધ્રાના હરનારાયણ સલાટ હનુમાનજીના ભક્ત હતા. તેમને શ્રીજીમહારાજે દિવ્ય દર્શન આપી ગોપાળાનંદ સ્વામીને ગુરૂ કરવા જણાવ્યું. ત્યારથી તેઓને નિત્ય શ્રીજીમહારાજ, ગોપાળાનંદ સ્વામી અને સંતોના દર્શન થતા. એક દિવસ ધ્રાંગધ્રામાં પુરાણી ધર્મકિશોરદાસજીએ તેમને પુછ્યું જે તમારી સાથે સ્વામી વાત કરે છે? ત્યારે તેઓએ કહ્યું જે ના વાત તો નથી કરતા ત્યારે ધર્મકિશોરદાસજી સ્વામીએ હરનારાયણ સલાટને કહ્યું કે સાંપ્રત સમયમાં કચ્છમાં અબજીબાપાશ્રી વિરાજે છે તેમના દર્શન કરી આવો. અને અબજીબાપાશ્રીનો મહિમા પણ સમજાવે છે. પછી એક દિવસ તેઓ મૂળીએ દર્શન કરવા આવે છે ત્યારે સભામંડપમાં બ્રહ્માનંદ સ્વામીની મૂર્તિના દર્શન કરવા ગયા ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ તેમને કહ્યું જે તમને જે પુરુષ (બાપાશ્રી) મળ્યા છે તે સાચા છે. તેમને છોડશો નહિ. અને જ્યારે એમનો ભત્રીજો મૃત્યુ પામે છે ત્યારે હરનારાયણ બાપાશ્રીનું નામ લઈ મોઢામાં પાણી મૂકે છે અને તે જીવતો થાય છે. આમ જે નિષ્કામભાવે કોઈને ભજે છે તેમને શ્રીજીમહારાજ મોટાનો યોગ મેળવી આપે છે.
- ભગવાનના સ્વરૂપનું જ્ઞાન અને મહિમા તે મોક્ષનું અસાધારણ લક્ષણ છે. એમ શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે. તે શ્રીજીમહારાજના સ્વરૂપનું જ્ઞાન અને મહિમા બાપાશ્રીએ આપણને સમજાવ્યો છે.
- સત્રના અંતે મુનિસ્વામીની દિવ્ય અમૃતવાણીનો લાભ લીધો અને ધ્યાન માનસીપૂજા કરી બીજા સત્રની પૂર્ણાહુતિ કરી.

**તા.૨૭/૧૦/૨૦૨૫(પ્રથમ સત્ર)**

હરિભક્તોએ કિર્તન ધૂન કરી લીધા બાદ વક્તા સદ્ શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામીએ જ્ઞાન-ધ્યાન-ઉપાસના પર વાત કરતા કહ્યું કે..

- મહિમાના અતિરેકમાં વેવલાપણું અને અવિવેક આવી જાય તો અનર્થ સર્જાય. સૌને સમાસ થાય તે પ્રમાણે વર્તવું.
- મહારાજનો હૃદયગત અભિપ્રાય અને તેમની રુચી શું છે તે સમજવું.
- સત્સંગ જેમના જીવમાં ઉતરી ગયો છે તેમને કહેવું પડતું નથી. તેમના જીવનમાં ભજન-ભક્તિ-ધ્યાન આદિ સહેજે હોય છે.
- જે ભગવાનનું હાલતા-ચાલતા સ્મરણ કરે છે તેને ડગલે-ડગલે અશ્વમેઘ યજ્ઞનું ફળ મળે છે એમ ભાગવત-પુરાણ કહે છે.
- ભગવાનના સ્મરણ જેવી કોઈ સંપત્તી નથી અને ભગવાનના વિસ્મરણ જેવી કોઈ વિપત્તી નથી.
- વિદ્યા,શક્તિ અને સંપત્તિ જો દુર્જનના હાથમાં આવે તો બીજાને દુ:ખ આપવામાં તેનો ઉપયોગ કરે અને સજ્જનના હાથમાં આવે તો બીજાને સુખ દેવામાં વાપરે.
- જો પોતામાં સમજણ ન હોય તો ‘‘ગાયનો વાઘ’’ કરી નાખે માટે સમજણ દૃઢ કરવી.
- ભૂજ મંદિરના નિરાવરણ દૃષ્ટિવાળા સ્વામી અચ્યુતદાસજી નાનપણમાં સંતોને જમાડ્યા અને સંતો રાજી થઈ માંગવાનું



આજ સત્સંગમાં મોટા મુક્ત છે તેમાં કોઈ કથા-વાર્તા કરીને સુખ આપે એવા હોય અને કોઈક દર્શન માત્રે સુખ આપે એવા હોય.

કહ્યું ત્યારે તમને વહાલું હોય એ આપો એમ કહ્યું ત્યારે સંતોએ કહ્યું જે અમને તો વ્હાલા ભગવાન છે તે આપ્યા અને તેને નિરાવરણ દૃષ્ટિ થઈ ગઈ. એવા અચ્યુતદાસજી સ્વામીએ બાપાશ્રીને નાનપણમાં વર્તમાન ધરાવ્યા અને કહ્યું આ તો બહુ મોટા છે. એવા બાપાશ્રીની સ્મૃતિનું આ છત્રી સ્થાન છે.

- ભગવાન સત્ ચિત આનંદરૂપ છે અને તેમના અનાદિમુક્તો પણ તેવા જ સત્ ચિત્ આનંદરૂપ છે.
- ભગવાનના ભક્ત હોય તેમાં જ્ઞાનનું અંગ હોય અથવા પ્રીતિનું અંગ હોય. જેને જ્ઞાનનું અંગ હોય તે ભગવાનનો મહિમા અતિશય સમજે અને જેને પ્રીતિનું અંગ હોય તે ભગવાન વિના અર્ધ ઘડી પણ રહી શકે નહિ. તે પર પ્રભાશંકર, દેવરામ, સચ્ચિદાનંદ સ્વામી, ઝીણાભાઈ, ગોપાળાનંદ સ્વામી, ગોપીઓ તથા ઉદ્ધવજીની વાત કરી. તેમજ બાપાશ્રીના મહિમાવાળા ઉપરદળના રામજીભાઈની વાત કરી.
- સિક્યોરીટીના કેટલાય દરવાજા પસાર થાય ત્યારે વિમાનમાં પ્રવેશ મળે છે તેમ આપણે કેટલાય પુણ્ય કાર્ય કર્યા હશે, મોટાને રાજી કર્યા હશે ત્યારે આટલે પહોંચ્યા છીએ.''પૂર્વનું પૂણ્ય પ્રગટ થયું જ્યારે, સ્વામિનારાયણ મળ્યા રે ત્યારે..''
- અંતરદૃષ્ટિએ કરીને ભગવાનના ભક્તને વર્તવું તે જ્ઞાનયજ્ઞ છે. તે અંતર દૃષ્ટિ તે શું? તો બહાર અથવા અંદર ભગવાનની મૂર્તિ સામે જોઈ રહેવું. તે વિના બધી બાહ્યદૃષ્ટિ છે.
- સત્રના અંતે જાદવજીબાપા, નારાયણમામા તથા મુનિસ્વામીની દિવ્ય અમૃતવાણીનો લાભ લીધો અને ધ્યાન-માનસીપૂજા કરી બીજા દિવસના પ્રથમ સત્રની પૂર્ણાહુતિ કરવામાં આવી

**તા.૨૭/૧૦/૨૦૨૫ (દ્વિતિયસત્ર)**

હરિભક્તો કિર્તન, ધૂન કરી લીધા બાદ સદ્.શાસ્ત્રી શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામીએ વાત કરી છે.

- આપણે પરમાત્માના સ્વરૂપનું જ્ઞાનની દૃઢતા કરવા ભેળા થયા છીએ.
- પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન દૃઢ કરી ભગવાનનું ભજન કરવું તથા કરાવવું. જીવન અલ્પ છે. વીજળીના ઝબકારે મોતી પરોવી લેવું.
- આત્મસત્તાને પામ્યા પછી ભગવાનનો ભક્ત પણ ભગવાન જેવો સ્વતંત્ર થાય છે અને રૂપ,ગુણ, સામર્થ્ય ભગવાન જેવું જ પ્રાપ્ત થાય છે તો પણ સ્વામી-સેવકપણું દૃઢ રહે છે.
- કેટલાક વચનામૃતમાં ભવ, બ્રહ્માદિક કહ્યા તે મહાકાળ અને અક્ષરને કહ્યા છે તેમ જાણવું.
- આ સભામાં મહારાજ દર્શન આપે છે. આ સભાનું સુખ કોણ મૂકી દે? આવો સમાજ અનંતકોટી બ્રહ્માંડમાં ક્યાંય નથી, એમ બાપાશ્રી કહે છે.
- શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ એવું છે કે તૃષા બની રહે છે અને તૃપ્તી પણ થતી નથી એમ મહિમા અપાર છે.
- ભગવાન સિવાય બીજી કોઈ વાસના ન હોય તે એકાંતિક છે. અને વળી ચાર સાધન જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સિદ્ધ કર્યા હોય તે એકાંતિક છે. (ગ.પ્ર.૧૧)
- અખંડ સ્મૃતિ એ ભગવાનના સાક્ષાત દર્શન તુલ્ય છે.
- સાંખ્ય શાસ્ત્ર સર્વે ખોટું કરે છે, યોગશાસ્ત્ર ભગવાનમાં જોડે છે. એ બન્ને શાસ્ત્ર સાધનરૂપ છે. બાપાશ્રી કહે છે એક મૂર્તિ (સાધ્ય) પકડો.
- એક હરિને પરહરી જેટલી ચતુરાઈ કરે તેટલી ખોટ છે. તેમ નિષ્કુળાનંદ સ્વામી કહે છે.
- એક ભગવાનનો દૃઢ આશરો કરે તેને માયા કાંઈ કરી શકે નહિ.
- સારંગપુરના ૧૨માં વચનામૃતમાં પોતાને દેહ અને સંકલ્પથી જુદો સાક્ષીરૂપ માની ધ્યાન કરવાનું કહ્યું છે. અને ૫,૧૦,૨૫ કે ૧૦૦ વર્ષ થાય તોય ધ્યાન મૂકવું નહીં. એમ ગ.પ્ર.૧૫માં કહ્યું છે.
- પાપ-પુણ્ય એ બેય વિચારને છોડી મૂર્તિમાં જોડાવું-વૃંદાવન સ્વામી
- સંસારના સુખ ઝાંઝવાના જળ જેવા છે. તેમાં લેવાવું નહિ.
- શ્રદ્ધા વિના કોઈ સિદ્ધી થતી નથી એમ મામાશ્રી કહે છે.
- જેને મોટા પુરુષની ઓળખાણ થઈ છે તેનું ભાગ્ય મોટું છે

''જેને ઓળખ્યા સંશય કાપી, તેને બાપાએ મૂર્તિ આખી..''

- જ્યારે સમદષ્ટિ થાય છે ત્યારે માન-અપમાન, હાથી પર બેસવું કે પગપાડા ચાલવું, કચરો-કંચન સમ થઈ જાય છે. તે પર નારદીપુરના તીતા ભગતની વાત કરી. તેમ આપણે પણ તીતા ભગતની જેમ દરેક પરિસ્થિતિમાં આનંદમાં રહેવું. મહારાજ અને બાપા મળ્યા છે તેના આનંદમાં રહેવું.
- સત્રના અંતે જાદવજીબાપા, નારાયણમામા, તથા મુનિસ્વામીની દિવ્ય અમૃતવાણીનો લાભ લીધો. અને ધ્યાન-માનસી પૂજા કરી બીજા દિવસના દ્વિતિય સત્રની પૂર્ણાહુતિ કરવામાં આવી.

**તા.૨૭/૧૦/૨૦૨૫(પ્રવચનમાળા)**

**અ.મુ.શ્રી જીતુભાઈ વ્યાસઃ-**

- કોઈપણ ક્રિયા કરતા પહેલા ભગવાનની સ્મૃતિ જરૂર કરવી એ ભલે બે-પાંચ સેકન્ડ માટે જ કાં ન હોય! તેની મનોવૈજ્ઞાનિક રીતે ખૂબ મોટી અસર છે.
- આપણે જો પંચવર્તમાનનું પાલન ન કરીએ તો ભગવાનની પ્રસન્નતા નથી થતી.
- મહારાજ અને તેમના મુક્તનો મહિમા સમજાય ત્યારે તેમના વચનમાં વિશ્વાસ આવે અને શ્રદ્ધા ઉત્પન્ન થાય.
- ભગવાનનું બળ રાખી અંતરદર્શન કરવું. યાંત્રિક રીતે ધ્યાન ન કરવું. કેટલાક કલાક બેઠા એ મહત્વનું નથી. કેટલા ભાવથી ધ્યાન કર્યું એ મહત્વનું છે.
- ઉપાસનામાં (સ્વરૂપનિષ્ઠામાં) આજ્ઞાનો (ધર્મનિષ્ઠાનો) સમાવેશ થઈ જાય છે.
- ગીતામાં જ્ઞાનયોગ, કર્મયોગ, સંન્યાસયોગ, ભક્તિયોગ બધી વાત કરી અંતમાં અર્જુનને પોતાના શરણે આવી જવા શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું.
- પ્રતિમામાં પ્રત્યક્ષપણાનો ભાવ નથી આવતો ત્યાં સુધી સાક્ષાત્કાર થતો નથી.
- મહારાજ અને મુક્તને રાજી કરવા ધ્યાન કરવું. કોઈને દેખાડવા માટે નહિ. અને ધ્યાન પણ મહારાજ સિવાય કોઈ મુક્તનું પણ ન કરવું. મુક્તને ધ્યાનમાં સહાય કરવા પ્રાર્થના કરવી.
- રાત્રે દરરોજ સૂતા પહેલા દિવસ દરમ્યાન ભગવાન કેટલા યાદ આવ્યા તેનો નામામેળ કરવો અને ભગવાનને ગદ્ગદ્ ભાવે પ્રાર્થના કરવી.
- ભગવાનના જે સંતો છે તેમના અલગ-અલગ અંગો ભગવાને રાખ્યા છે તે બધાય કલ્યાણકારી ગુણો છે. તે વિવિધતામાં એકતા છે એકતા કહેતા ભગવાન અને એકતામાં પણ વિવિધતા છે.
- જેવી પાત્રતા એવી પ્રાપ્તી થાય માટે પૂર્ણપાત્ર થવું.
- મહારાજ અને મુક્તોની લીલા અકળ હોય છે. તે પર દક્ષિણના એક સંત કોઈ આવે તેને પથ્થર મારે કે અપશબ્દ બોલે તેની વાત કરી. ત્યારે એક મુમુક્ષએ સંતનું આવું વર્તન સહન કરી રહ્યો તો તેને સાક્ષાત્કાર કરાવ્યો.
- જો આપણું વર્તન અયોગ્ય હોય તો ભગવાને આપેલા આશીર્વાદ પણ ભગવાન પાછા લઈ લે છે. તે પર શેખજીની વાત કરી.
- દરેક ચૈતન્ય સ્વભાવગત નિર્મળ છે. કોઈના વિશે ખોટો સંકલ્પ ન કરવો, અને સતત જાગૃતિ રાખી ભગવાનને પ્રાર્થના કરતા રહેવું.

**તા.૨૮/૧૦/૨૦૨૫ (પ્રથમ સત્ર)**

હરિભક્તોએ કિર્તન ધૂન કરી લીધા બાદ વક્તા સદ્ શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામીએ જ્ઞાન-ધ્યાન-ઉપાસના પર વાત કરતા કહ્યું કે..

- ભગવાનદાસ તેમના મા અને પત્નિ ત્રણે ભગવદિય. તેમને ભગવાન મેળવવાની તાલાવેલી હતી તો ભગવાનદાસ ઘર છોડી ભગવાનની શોધમાં નીકળ્યા તો વર્ણીએ સામે ચાલીને તેમના ગામ તરફ ગયા અને પોતાનું સ્વરૂપ ભગવાનદાસને ઓળખાવ્યું અને તેમને ઘેર ગયા.
- ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય તો મહિમા સમજાય છે. અને મહિમા સમજાય તો પ્રીતિ થાય અને ભગવાનમાં જોડાય.''કર પ્રભુ સંગાથે દઢ પ્રીતડી રે..'' ભગવાનના સાચા સગા પરમાત્મા છે. એવું સમજાય તેનું જીવન બદલી જાય.
- ભગવાન પોતાનું સમગ્ર ઐશ્વર્ય છુપાવીને આપણા જેવા થઈને રહ્યા


મોટા મુક્તના સંકલ્પો તો કરોડો બ્રહ્માંડોને ધામમાં લઈ જાય એવા બળવાન છે.

- બાપાશ્રીએ ખજૂરીનો જીવ ટપ્પરના હરિભક્તના છોકરાના દેહમાં પ્રવેશ કરાવી તેમને જીવતો કર્યો.
- બાપાશ્રીએ વૃંદાવનદાસજી સ્વામીને સાક્ષાત્કાર કરવા રૂપ બીજો દેહ(દિવ્યદેહ) આપ્યો.
- મૂર્તિરૂપ થઈ ભજન કરીએ તો મુક્તદશા આવે, એ આપણો મુખ્ય ધ્યેય છે માટે એવો સત્સંગનો યોગ કરવો.''બીનું સત્સંગ ન હરિ કથા, તા બીના મોહ ન જાત..''
- જગતની વાસનાએ કરી જીવ અવરાઈ ગયો છે. વાસનાએ રહિત વર્તવું એ એકાંતિકનો ધર્મ છે.
- ભજનના કરનારાની દૃષ્ટિ જેમ જેમ સુક્ષ્મ થાય તેમ તેમ ભગવાનનો મહિમા અપાર-અપાર સમજાય છે.
- આ સભાથી બીજી સભાને જોવાનો વિચાર થાય તેના મુખની વાણી ન સાંભળવી. કેમ જે પ્રત્યક્ષભાવ નથી.
- મહારાજે તપ અને ત્યાગનો પક્ષ મોળો કરીને ઉપાસનાની દઢતા કરાવા મંદિર નિર્માણ કર્યા.
- સાધનમાત્રનું ફળ મૂર્તિ છે. બીજા વિધિ ભલે ઓછા થાય પણ મૂર્તિનું અનુસંધાન વિશેષ રાખવું.
- પ્રથમ સત્રના અંતમાં શ્રી જાદવજીબાપા, મામાશ્રી તથા મુનિસ્વામીના દિવ્ય આશીર્વાદ લઇ ધ્યાન અને માનસીપૂજા કરી પ્રથમ સત્રની પૂર્ણાહુતિ કરવામાં આવી.

**તા.૨૮/૧૦/૨૦૨૫ (દ્વિતિય સત્ર)**

હરિભક્તો કિર્તન-ધૂન કરી લીધા બાદ વક્તાશ્રીના પ્રાસંગિક ઉદ્‌ગારો

- શ્રીજીમહારાજ મુક્તોને સાથે લાવી આ પૃથ્વી પર પગ્રટ થઈ જીવોના આત્યંતિક કલ્યાણ કરવા વિચરણ કરી પોતાના સ્વરૂપનું જ્ઞાન આપ્યું અને લોકો શ્રીજીમહારાજનો આશ્રય કરી કલ્યાણના ભાગીદાર થયા.
- સિદ્ધદશામાં બીજું કાંઈ રહેતું નથી કેવળ અનુભવજ્ઞાન રહે છે.
- સૌના કારણ શ્રીજીમહારાજ છે. તે મૂર્તિ તેજોમય છે. આ સભા પ્રગટ પુરુષોત્તમ નારાયણની છે.આમાં ક્યાંથી બેસવા મળે? ''આવો અવસર હવે ફરી નહિં આવે..''
- નબડી ક્રિયામાં મહારાજ ભેળા ભળતા નથી. તે તો માયા કરાવે છે. માયામાં જેને સુખ માન્યું છે તેને દુઃખનો અંત આવતો નથી.
- મૂર્તિથી ઓરુ અક્ષર પર્યંત સર્વે વિસારી દેવું. ''માયાનો જન તો જ મટે જો હરિ શરણે જાય. બ્રહ્માનંદ કહે વાર ન લાગે તરસ જીવ શીવ થાય.
- આવા તીર્થસ્થાનમાં કરેલ ભજન-ભક્તિનું ફળ બીજા સ્થાને કરેલ સાધન કરતા અનેક ગણું મળે છે.
- જે ભગવાનનો મહિમા સમજ્યો છે તે તો વ્યવહારમાં હાણ-વૃદ્ધિનો શોક નથી કરતો. તે પર પીપલાદના દેવજી ભગત અને ભાવનગરના રૂપાભાઈને દુઃખ આવ્યું પણ દુઃખ ટાળવા પ્રાર્થના ન કરી. ''હરિજન સાચા રે જે ઉરમાં હિંમત રાખે..'' - બ્રહ્માનંદ સ્વામી. ''હરિગુણ ગાતા દુરિજનિયાના ઘડકન મનમાં નવ રાખીયે..'' મુક્તાનંદ સ્વામી.
- જેને કલ્યાણની ઈચ્છા હોય તેને કોઈના ઉપર મલીન ઘાટ ન કરવો.

**તા.૨૮/૧૦/૨૦૨૫(પ્રવચનમાળા)**

**અ.મુ.શ્રી કલ્યાણભાઈ વેકરિયા**

સં.૧૯૭૧ના છતેડી ચરણાવિંદ સ્થાપન પ્રસંગે અમદાવાદથી પધારેલ અ.મુ.શ્રી પ્રાણશંકરભાઈએ લખેલ બાપાશ્રીની અમૃતવાણીમાંથી આચમન.

- અનાદિના યોગે થયેલ અનાદિ પણ મહારાજનું સુખ અનાદિની પેઠેજ સ્વતંત્રપણે ભોગવે છે. સિદ્ધદશામાં પરતંત્રપણું નતી.
- કોઈ ચમત્કાર જણાવે તો સહુ તણાઈ જાય, પણ ચમત્કાર એ મોટાની મોટાઈ નથી.
- મોટા મુક્તને કાર્યમાંથી જીવને પાછા વડાવી મૂર્તિનું સુખ આપવાનું તાન હોય છે. એ મોટાની મોટપ છે ને પોતે સદાય મૂર્તિમાં રહે છે.
- અનાદિમુક્ત કૃપા રહે તો પણ મહારાજની આજ્ઞા પ્રમાણે કર્યા વિના છૂટકો નથી. માટે આજ્ઞા ખબરદાર થઈને પાડવી.
- ભગવદ્‌ભાવમાં રહીને મૂર્તિના સુખમાં રસબસ થઈ જવું. તેથી બીજું કોઈ શ્રેષ્ઠ ધ્યાન નથી.


ક્યાં મહારાજ અને અનાદિમુક્ત! તેમનું પ્રમાણ અવરભાવવાળા શું કરી શકે!

- ધામમાં મહારાજ અને મુક્ત છે, તેને દેખે નહિં પણ નિશ્ચય પરિપક્વ હોય તે પરોક્ષ અને ધામમાં છે તેવાને તેવા જ સર્વે ક્રિયામાં જ્યાં જાય ત્યાં સાક્ષાત દેખાય તે અપરોક્ષ.
- મૂર્તિરૂપ મનવાર સુધી પહોંચવા આજ્ઞારૂપી વહાણની જરૂર પડે છે. પણ જો અહંકાર આવે તો મનવારમાં બેસવા ન મળે અને મનવાર ચાલી જાય. પછી વહાણથી મહાસમુદ્ર ન તરાય.
- ભગવાનને વિષે જ્યારે અસાધારણ સ્નેહ થાય છે ત્યારે જ્યાં જ્યાં વૃત્તિ જાય ત્યાં ત્યાં સર્વત્ર ભગવાન જ ભાસે અને ભગવાનના પ્રતાપે માયિક પદાર્થ પણ દિવ્ય ભાસે છે.
- મહિમા વિના એકલું જ્ઞાન(આત્મજ્ઞાન) કાંઈ કામનું નથી અને જ્ઞાન(આત્મજ્ઞાન) વિના એકલો મહિમા પણ કાંઈ કામનો નથી એ બેય હોય તે મહારાજના સુખને ભોગવે છે. એ જ્ઞાન અને મહિમા આવવાનો દરવાજો મોટા અનાદિ છે.
- સિદ્ધદશાને પામ્યા તેને પણ શ્રીજીની આજ્ઞાનું પાલન કરવાનું છે.
- જે સન્મુખ રહીને સુખ ભોગવે છે તેને તો મુક્ત, મૂર્તિ અને ધામ એ ત્રણ રહે છે. પણ જે મૂર્તિમાં રહીને સુખ ભોગવે છે તેને મહારાજ સ્વામી અને હું સેવક એમ બે જ રહે છે.
- રાજાની રાણી ઓઝલમાં રહે છે અને તેનું રૂપ કોઈ જુવે નહિ અને પોતાનું રૂપ કોઈને દેખાડે નહિ. તેમ રાણીને ઠેકાણે મુક્ત છે તેનું રૂપ કોઈને દેખાતું નથી અને પોતાનું રૂપ કોઈને દેખાડતા નથી કહેતા અવરભાવમાં આવતા જ નથી.
- નિષ્કામભાવે કરેલ સેવા-ધ્યાન-ભજન-કથાવાર્તા વગેરેનું ફળ ભગવાનની પ્રાપ્તિ છે. (સર્વ સાધનનું ફળ શ્રીજીમહારાજની મૂર્તિ છે)
- મહારાજ અને અનાદિમુક્ત એક જ સ્વરૂપે છે પણ જુદા સ્વરૂપે નથી.પણ ભાવ જુદા જે દાતા અને ભોક્તાપણું તે રહે છે.
- આત્મામાં મહારાજ અને મુક્ત રહ્યા છે તેને જોતો નથી અને આ સભામાં પણ રહ્યા છે એમ જાણતો નથી, તે નાસ્તિકભાવ છે.

તા.૨૮/૧૦/૨૦૨૫(પ્રવચનમાળા)

**અ.મુ.શ્રીપુરુષોત્તમભાઈ પટેલ :-**

- જ્ઞાન દઢ થાય ત્યારે ધ્યાન થાય અને ધ્યાન થાય તો કારણ શરીર ટળે.
- આપણો ધ્યેય ભગવાનની મૂર્તિમાં જોડાવવાનો છે. માટે આવા નૈમિષારણ્ય ક્ષેત્રમાં રહી, આવી કથા-વાર્તા સાંભળી ધ્યાન-ભજન કરી વાસના ટાળવી.
- શ્રીજીમહારાજના સ્વરૂપને આપણા ચૈતન્યમાં ધારવું.
- સોમચંદબાપાએ ચાર પ્રકારના મુક્ત રહ્યા ૧) પ્રેમી ૨) જ્ઞાની ૩) અનુભવી અને ૪) અનાદિ. તેમા અનાદિ શ્રેષ્ઠ છે જે સળંગ મૂર્તિનું સુખ એકકાળા વછિન લે છે.

**અ.મુ.શ્રી બાબુભાઈ ડુંગરાણી**

- સભા મોટી હોય તો વાતો એવરેજ કરવી પડે કારણકે બધાયને પથ્ય પડે એ પ્રમાણે કરવી પડે પણ આપણી સભા નાની છે એટલે જેમ છે તેમ વાત કરી શકાય કેમ કે એક રુચીવાળા છે.
- મોટા મુક્ત આપણી આંતરિક પ્રગતિ કરાવે છે.
- ગૌમુખીમાંથી(નળમાંથી) પાણી આવતું જણાય છે પણ તેનું ઉદગમ બીજે છે. તેમ જ્યાં જ્યાં સુખ જણાય છે તેનું કેન્દ્ર મૂર્તિ છે.

**અ.મુ.શ્રી ગોવિંદભાઈ વેકરિયા**

- ત્રણ દિવસની શિબિરમાં સ્વામીએ આપણને રસતરબોળ કર્યા છે.
- જાદવજીબાપા, નારાયણમામા અને મુનિસ્વામીની વાણીમાં દેહભાવ છોડી દિવ્યભાવ લાવવાની વાત આવે છે અને ઉપાસના દઢ કરાવે છે.
- આપણે કોઈને કટુવચન ન કહીએ અને સર્વેમાં દિવ્યભાવ રાખીએ.

અંતમાં જાદવજીબાપા, મામાશ્રી અને મુનિસ્વામીની દિવ્યવાણીનો લાભ લઈ ધ્યાન-માનસીપૂજા અને શિબિર સમાપન આરતી કરી શિબિરની પૂર્ણાહુતિ કરવામાં આવી.

# વચનામૃતમાં આત્મનિષ્ઠા અને ભગવાનનું મહાત્મ્ય

**ગતાંકથી ચાલુ.....**

*સંકલન :- કલ્યાણ નારાણ વેકરીયા-બળદીયા*

વચનામૃતમાં આત્મનિષ્ઠાની દૃઢતા અને ભગવાનનો મહિમા સમજવાની વાત શ્રીજી મહારાજે સવિષેશ કહી છે, અને સર્વે પ્રશ્નના સમાધાનરૂપ આ વાત કરી છે. આત્મનિષ્ઠામાં ધર્મનિષ્ઠા તથા ત્યાગનિષ્ઠા સમાવિષ્ટ છે અને ભગવાનના મહિમામાં સ્વરુપનિષ્ઠા અને ભક્તિનિષ્ઠા સમાવિષ્ટ છે. તેનું આચમન કરીએ.

## આત્મનિષ્ઠા

અ-૨ પરમેશ્વરનો ભક્ત જાગ્રત સ્વપ્ન ને સુષુપ્તિ તે થકી પર વર્તે છે અને રજ,તમ ને મલીન સત્વ તેનો ત્યાગ કરીને (માયિક ઉપાધી તજીને) શુદ્ધ સત્વમય વર્તે છે અને બીજો ત્રીગુણાત્મક (માયિક ઉપાધી સહિત) પ્રીતિએ યુક્ત વર્તે છે તે બેમાંથી જે માયિક ઉપાધી તજીને બ્રહ્મરૂપ થઈને ભગવાનને ભજે છે તે શ્રેષ્ઠ છે. અને આત્યંતિક પ્રલય જે જ્ઞાનપ્રલય તેણે કરીને જેણે માયિક ઉપાધીનો ત્યાગ કર્યો તેને તો પાછી કોઈ કાળે માયિક ઉપાધી વળગતી નથી. અને જેમ ભગવાન સ્વતંત્ર થકા દેહ ધરે છે તેમ તે પણ સ્વતંત્ર થકો દેહ ધરે છે.

અ-૩ અંતરમાં પંચવિષયનું ચિંતવન એ જીવને જન્મ-મરણનો હેતુ છે. એ તો જ્યારે માયામય ત્રણ શરીર તેની ભાવનાએ રહિત કેવળ આત્મસત્તારૂપે રહીને જે ભક્ત પરમેશ્વરની મૂર્તિનું ચિંતવન કરતા ઉપશમ અવસ્થા પામે તેને પંચવિષય જન્મ-મરણના હેતુ નથી.

## ભગવાનનું મહાત્મ્ય

અ-૪ ભગવાન કેવા છે તો જન્મ ધરતે થકે પણ અજન્મા છે અને દેહ મુક્તે થકે પણ અજર-અમર છે અને માયાના અંજન થકી રહિત છે અને મૂર્તિમાન છે અને સ્વપ્રકાશ છે, બ્રહ્મ છે, અક્ષર છે, અંતર્યામી છે ને અનંત કોટી બ્રહ્માંડના આધાર છે અને મનુષ્ય દેહને જે ધરવું ને મુકવું તે તો નટવાની પેઠે ઈંદ્રજાળ સરખું છે અને અનંતકોટી અક્ષરાદિક મુક્તના નિયંતા છે ને સર્વેના સ્વામી છે અને બાળ, યૌવન, વૃદ્ધ ને જન્મ, મૃત્યુ ઈત્યાદિક જે દેહના ગુણ તે ભગવાનની લીલા છે અને જે કાળ ને માયા તે તો ભગવાનના દેહને વિષે ચેષ્ટા કરવાને સમર્થ નથી થતા અને એ ભગવાનના દેહને વિષે પરિણામપણું જણાય છે એ તો એ ભગવાનની માયાએ કરીને જણાય છે તેમાં ભક્ત મોહ નથી પામતા પણ અભક્તની મતિ ભ્રમી જાય છે.

અ-૩ એક તો ભગવાનનું અતિશય મહાત્મ્ય સમજતો હોય અને નિર્માનીપણે ભગવાનના ભક્તની સેવા, ચાકરી, દર્શન અતિ શ્રદ્ધાપૂર્વક કરતો હોય તેને ઉપશમ દશા આવે છે. પણ માની સેવક હશે તે કોઈને ન ગમે.

અ.૫ પુરુષોત્તમ એવા જે ભગવાન તેનું અસાધારણ લક્ષણ એ છે જે, જીવના પ્રાણનાડી તેનો સંકેલો કરવો અને



ડખા થાય તેણે કરીને સત્સંગમાં ભગવાન નથી એમ ન જાણવું. જેને પરિપક્વ નિશ્ચય ન હોય તેને એવી શંકાઓ થાય.

લાખું માણસો નિયમમાં રહ્યા થકા વશ વર્તે તે બીજાથી થાય નહિ, અને અક્ષર આદિક જે મુક્ત તેને પણ નિયમમાં રાખવાને સમર્થ છે. અને જે ભગવાન આ બ્રહ્માંડમાં વિરાજે છે તે જ ભગવાન સર્વના સ્વામી છે અને અનંત કોટી બ્રહ્માંડને વિષે અસંખ્ય જીવોના કલ્યાણને અર્થે બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે દેહને ધારણ કરે છે અને અસંખ્ય જીવ શરણે આવે છે અને તેમના ચરણાર્વિંદને પામે છે.

અશ્લા-૧ પ્રજાપતિ આદિ દઈને જે જગતના સૃષ્ટા તે વારંવાર સૃષ્ટિ ભેળા ઉત્પન્ન થાય છે અને પ્રલયકાળે માયાને વિષે જ લીન થાય છે પણ શ્રી પુરુષોત્તમ ભગવાન તેમને સમીપે અક્ષરધામને વિષે એ જાતા નથી. તે શા સારું તો તેમની સમજણમાં ત્રણ ભૂલ છે.

(૧) પોતાની ક્રિયાનું બળ સમજે છે. પણ ભગવાનના આશરાનું અને ભગવાનનું બળ નથી સમજતા.

(૨) પોતાને બ્રહ્મરૂપ નથી માનતા અને અક્ષરરૂપ થઈ પુરુષોત્તમ નારાયણના દાસપણાને નથી માનતા.

(૩) રામ-કૃષ્ણાદિક ભગવાનના અનંત અવતાર તેને તો એ સર્વે અંશ કરીને જાણે છે.

એમ ભગવાનને ભજીને બ્રહ્માંડની ઉત્પતિ કેમ થતી હશે? તે ઉત્પતિના સામર્થ્યને ઈચ્છે તે ભક્ત કનિષ્ઠ છે. અને કેવળ આત્મારૂપ થઈને ભગવાનને ભજે તે ભક્ત મધ્યમ છે અને ત્રીજો જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમની મૂર્તિ તેની નિરંતર અનન્યપણે કરીને સેવાને વિષે નિષ્ઠા રાખે તે ભક્ત અતિ ઉત્તમ છે.

જે-૧ સંતની મોટ્યપ ભગવાનની ઉપાસના ને ભક્તિ વડે છે ને બીજું સંતને આત્મનિષ્ઠા છે તે મોટયપે મોટયપ છે અને એવા જે સંત તેને વિષે આત્મનિષ્ઠા રાખવી ને તે

અ-૬ આ સત્સંગને વિષે ભગવાન વિરાજે છે તે જ ભગવાનમાંથી ચોવીસ અવતાર થયા છે ને પોતે તો અવતારી છે ને એ જ સર્વે જીવના અંતરયામીરૂપ છે ને એ જ અક્ષરધામને વિષે તેજોમય છે ને સદા સાકારરૂપ છે ને અનંત ઐશ્વર્ય રૂપ છે, ને એ જ રાજાધિરાજ અનંત બ્રહ્માંડના છે અને સર્વેના કારણ છે. અને સર્વ અવતારના અવતારી છે ને અક્ષરધામના ધામી છે. અને અક્ષરાદિક મુક્તના સ્વામીને પરબ્રહ્મ પુરુષોત્તમ છે, તે જ આ સત્સંગને વિષે વિરાજમાન છે. એવો જેને નિશ્ચય છે તે જ બ્રહ્મધામને પામે છે.

અ-૭ સર્વ બ્રહ્માંડોની ઉત્પતિ, સ્થિતિને પ્રલય તેનો કર્તા હું છું અને મારે તેજે કરીને સૂર્ય, ચંદ્રમાં, તારા તથા અનંત બ્રહ્માંડ અને તેને વિષે રહ્યા જે અસંખ્ય ધામ અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે તેજાયમાન છે. અને મારા પગને અંગુઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે. એવો જે હું તે મારે વિષે એવો નિશ્ચય કરે તો ભગવાન એવો જે હું તે મારે વિષે મન કોઈ કાળે વ્યભિચારને પામે નહિ.

જ પોતાનું સ્વરૂપ માનવું. તેમ બ્રહ્મવેતા ને વિષે આપોપું માનવું, તે શા સારુ? તો એને આવરણ ભેદયાની ગતિ છે તે સારું એને વિષે આત્મબુદ્ધિ રાખવી.

જે-૩ (૧) પાંચ વર્તમાન પાળવાં (૨) પોતાનું સ્વરૂપ દેહથી નોખું સાક્ષી માનવું, તથા નાના પ્રકારના જે તર્ક તે થકી પર જે આત્મા તે હું છું અને (૩) ભગવાન ગમે તેવા ચરિત્ર કરે તેમાં કોઈ દહાડે અભાવ ન આવે એવી રીતનો નિશ્ચય રાખવો. એટલું સમજ્યા તો સર્વે સમજ્યા.

જે-૫ અને વળી અમારો દૃઢ વિશ્વાસ રાખશો ને કહીએ તેમ કરશો તો તમને મહાકષ્ટ કોઈક આવી પડશે તેથી અથવા સાતદકાળી જેવું પડશે તે થકી રક્ષા કરીશું અને કોઈએ ઉગર્યાનો આરો નથી એવું કષ્ટ આવી પડશે તોય પણ રક્ષા કરીશું તે અમારા આ સત્સંગના ધર્મ બહુ રીતે કરીને પાળશો તો, ને સત્સંગ રાખશો તો. અને નહિ રાખો તો મહા દુઃખ પામશો તેમાં અમારે લેણા દેણા નથી.

જે-૧ કર્મ અને માયાના નાશ કરનારા પુરુષોત્તમ ભગવાન અથવા ભગવાનના મળેલ સંત તેમને જીવની પ્રાપ્તિ જ્યારે થાય છે ત્યારે માયા ઉલ્લંઘાય છે. શા સારુ તો ત્યાં કર્મની તો ગતિ જ નથી.

જે-૩ ભગવાનનું ગમતું કરવું એ જ ભક્તિ છે. અને ભગવાનની અખંડ સ્મૃતિએ સહિત ભજન કરવું તે તો ભગવાનના પ્રગટ દર્શનના સુખ તુલ્ય છે. બીજું આપણા સત્સંગમાં મોટેરો કોણ છે? તો (૧)ચૌદ લોક પર્યંત તૃણ સમાન જાણે એવો વૈરાગ્ય હોય (૨) અને જેમ દેહને વિષે આત્મબુદ્ધિ છે તેમ પરમાત્મા જે પુરુષોત્તમ તેમના સ્વરૂપની દૃઢતા સાક્ષાત્કાર બોધે યુક્ત હોય અને (૩) જેમ સુષુપ્તિને વિષે જગતની વિસ્મૃતિ છે એમ જાગ્રત અવસ્થાને વિષે જગતની વિસ્મૃતિ હોય; તે આપણા સત્સંગમાં મોટેરો છે.

જે-૪ જીવનું કલ્યાણ તો એટલા વડે જ છે, જે પ્રત્યક્ષ ભગવાનના દર્શન ને તેની અખંડ સ્મૃતિ તેણે કરીને થાય છે. અને ધર્મ નિયમવાળા તમ જેવા સંત તેની સર્વ ક્રિયા કલ્યાણરૂપ છે. શા સારુ જે પ્રત્યક્ષ શ્રી નારાયણ ઋષિનો તમને દૃઢ આશરો છે ને તે શ્રીનારાયણ ઋષિ તમારી સભામાં નિત્ય બીરાજે છે.

જે-૫ મહાપાપવાળો જીવ હશે ને અમારે આશરે આવશે ને ધર્મ-નિયમમાં રહેશે તેને અમે અંતકાળે દર્શન દઈને ભગવાનનું જે અક્ષરધામ તેને પમાડીશું.

**ક્રમશઃ**





બાપાશ્રી પ્રાગટ્યોત્સવ - લંડન




યજમાન : મૂ.નિ. નારણભાઈ કુરજીભાઈ વરસાણી સહપરિવાર












MURTI
NOVEMBER 2025
Year - 22 : Issue - 11

Gujarati Monthly. RNI No. GUJGUJ/2004/52455. Permitted to Post at Bhuj Sorting Office on Date 13th of every month under Postal Registration No. G/KCH/173/2025-2027. Licence to post without pre-payment No. G-PMG-RJT/030/2025



જ્ઞાન-ધ્યાન-ઉપાસના શિબિર - છતેડીધામ

સહ યજમાન : કનુભાઈ રામાભાઈ પટેલ - સહપરિવાર

**-: Publisher :-**

Shree Abjibapani Chhatedi & Hanumanji Mandir,
Post : Baladia, Ta.: Bhuj, Dist : Kachchh,
GUJARAT : PIN - 370427.
Contact No. 90990 49282 / 90990 49284

Printed and Published by Kalyan Naran Vekaria, on behalf of Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Printed at Swastik Printers - Basement Pindoriya Chambers , New Station Road, Bhuj-Kachchh. 370001 and Published at Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Po. Baladia, Bhuj-Kachchh. Editor : Kalyan Naran Vekaria